પ્રેસ પ્રકાશન
**ભારતીય રિઝર્વ બેંક**
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

23 સપ્ટેમ્બર, 2016

**સંખ્યા પેનલોમાં વધતા કદના અંક, ઇંસેટ લેટર રહિત,**
**અને કોતરણીવાળા મુદ્રણ વગરની ₹ 20ની નોટો જારી કરવામાં આવશે.**

**ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં મહાત્મા ગાંધી શૃંખલા-2005 માં** ડૉ. રઘુરામ રાજન, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંકના હસ્તાક્ષર સહિત તેમજ બંને સંખ્યા પેનલોમાં ઇન્સેટ લેટર રહિત ₹ 20 ના મૂલ્યવર્ગની બેંકનોટ બહાર પાડશે જેની પાછળના ભાગ પર મુદ્રણ વર્ષ '2016' અંકિત કરેલું હશે.

આ નોટોની ડીઝાઈન તેમજ સુરક્ષા વિશેષતાઓ, બંને સંખ્યા પેનલોમાં વધતા કદના અંકો સહિત તેમજ કોતરણીવાળા મુદ્રણ વગરની, અવ્યક્ત છબી વગરની અને ઓળખ ચિહ્ન વગરની મહાત્મા ગાંધી શૃંખલા-2005 અંતર્ગત અગાઉ બહાર પાડવામાં આવેલી ₹ 20ના મૂલ્યવર્ગની બેંકનોટો સમાન જ હશે. કોતરણીવાળા મુદ્રણને દૂર કરવાને કારણે બેંકનોટના પૃષ્ઠભાગનો વર્ણ સ્હેજ આછો રહેશે. (સંદર્ભ: પ્રેસ પ્રકાશન નં. 2016-2017/678 તારીખ સપ્ટેમ્બર 15, 2016)

બેંક દ્વારા ભૂતકાળમાં જારી કરવામાં આવેલી ₹ 20ના મૂલ્યવર્ગની બધી જ બેંકનોટો વૈધ મુદ્રા તરીકે ચલણમાં રહેશે.

**અજીત પ્રસાદ**
સહાયક પરામર્શદાતા

**પ્રેસ પ્રકાશન : 2016-2017/757**